# VASISHTHA GENESIS SCHOOL, BARDOLI

**(Academic Session: 2026-27)**

| Class: 3 | Div: B | Sub: 2L. Gujarati |
|---|---|---|
| Name: ___________________________ | | Worksheet: PT-3 CH-8 & 9 ANSKEY |



## 8 આનંદ જ આનંદ

### સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ પ્રાણી સંગ્રહાલયમાં દાખલ થતાં જ કોની ગર્જના સાંભળવા મળી ?**

જ.૧ પ્રાણી સંગ્રહાલયમાં દાખલ થતાં જ સિંહણની ભયંકર ગર્જના સાંભળવા મળી.

**પ્ર.૨ સિંહણ કોની સાથે રમી રહી હતી ?**

જ.૨ સિંહણ ગલુડિયાં સાથે રમી રહી હતી.

**પ્ર.૩ ગલુડિયું પિંજરામાં કેવી રીતે ઘુસી ગયું ?**

જ.૩ ગલુડિયું રક્ષકોની નજર ચૂકવીને પિંજરામાં ઘુસી ગયું.

**પ્ર.૪ બચ્ચું ફરતું-ફરતું ક્યાં ચાલ્યું ગયું ?**

જ.૪ બચ્ચું ફરતું-ફરતું પ્રાણી સંગ્રહાલયથી બહાર ચાલ્યું ગયું.

**પ્ર.૫ બચ્ચું કઈ વ્યક્તિને મળ્યું ?**

જ.૫ બચ્ચું દુકાનદારના દિકરાને મળ્યું.

**લિખિત**

**૧. પ્ર.૧ સિંહણ લોકો પર શા માટે ઝપટી રહી હતી ?**

જ.૧ સિંહણ નારાજ હતી કારણ કે ગલુડિયું ક્યાંક ચાલ્યું ગયું હતું. તેથી તે લોકો પર ઝપટી રહી હતી.

**પ્ર.૨ દાદાજીએ બાળકોને અખબારમાં શું બતાવ્યું ?**

જ.૨ દાદાજીએ  બાળકોને અખબારમાં એક ચિત્ર દેખાડ્યું જેમાં સિંહણ કૂતરાના બચ્ચાં સાથે રમી રહી હતી.

**પ્ર.૩ સિંહણની ઊંઘ કઈ રીતે ઉડી ગઈ ?**

જ.૩ ગલુડિયું સિંહણ પર ચડી ગયું અને સિંહણના વાળ સાથે રમવા લાગ્યું. જેનાથી તેની ઊંઘ ઊડી ગઈ.

**પ્ર.૪ સિંહણે ખાવા-પીવાનું બંધ શા માટે કરી દીધું હતું ?**

જ.૪ રક્ષક સિંહણને ખાણી-પીણીમાં વ્યસ્ત જોઈને ગલુડિયાંને પિંજરાની બહાર લઈ ગયા. તેને બચ્ચું ક્યાંય દેખાતું ન હોવાથી તેણે ખાવા-પીવાનું બંધ કરી દીધું.

**પ્ર.૫ સિંહણનો ગુસ્સો શાંત કેવી રીતે થયો ?**

જ.૫ ગલુડિયાંને પોતાના પિંજરામાં જોઈને સિંહણનો ગુસ્સો શાંત થયો.

**૨. યોગ્ય ઉત્તરની સામે (✓) ની નિશાની લગાવો.**

૧. સિંહણે કેટલા દિવસથી ખાધું નહોતું ? ☑ ૩-૪ દિવસ

૨. ગલુડિયું કોના વાળ સાથે રમી રહ્યું હતું ? ☑ સિંહણના

૩. રક્ષકોને કયો ભય હતો ? ☑ સિંહણના મરવાનો

## ભાષાજ્ઞાન

**૧. વાંચો, સમજો અને બધાના બે-બે ઉદાહરણ લખો.**

ન્ન - પ્રસન્ન ···ભિન્ન··· ···ઉન્નતિ···

લ્લ - પલ્લવ ···મલ્લ··· ···ચિલ્લર···

ચ્ચું - બચ્ચું ···સચ્ચાઈ··· ···ખચ્ચર···

**૨. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| બહાર | × | ···અંદર··· | કાલ | × | ···આજ··· |
| દિન | × | ···રાત··· | થોડું | × | ···વધારે··· |
| જલ્દી | × | ···ધીમે··· | પાછળ | × | ···આગળ··· |
| પાસે | × | ···દૂર··· | નાનું | × | ···મોટું··· |
| શાંત | × | ···અશાંત··· | હસવું | × | ···રડવું.··· |

**૩. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| આનંદ | - | ···ખુશી··· | ભય | - | ···ડર··· |
| ભયંકર | - | ···ભયજનક··· | શાંત | - | ···નીરવ··· |
| ભોજન | - | ···ખોરાક··· | કોલાહલ | - | ···અવાજ··· |
| દૃશ્ય | - | ···નજારો··· | મા | - | ···માતા··· |
| પ્રાતઃ | - | ···સવાર··· | અખબાર | - | ···સમાચારપત્ર··· |

**૪. નીચે દર્શાવાયેલ શબ્દોની મદદથી ખાલી જગ્યા પૂર્ણ કરો.**

(ના, પર, ની, થી, એ, માં)

૧. બાળકોની આંગળી પકડીને પિતા તમને લઈને આવી રહ્યા હતા.

૨. બાળકો સિંહણના પિંજરામાં પાસે હતા.

૩. ગલુડિયું સિંહણના પિંજરામાં ઘુસી ગયું.

૪. ગલુડીયું સિંહણ પર ચડીને તેના વાળ સાથે રમવા લાગ્યું.

૫. દુકાનદારના દિકરાએ ગલુડિયાને ઉઠાવી લીધું.

૬. તેણે ગલુડિયાને દોરીથી બાંધી દીધું.



# 9 બાર મહિના

## સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ ઠંડીની ઋતુ કયા મહિનાઓમાં ગણાય છે ?**

જ.૧ ઠંડીની ઋતુ કારતક, માગશર અને પોષમાં આવે છે/ગણાય છે.

**પ્ર.૨ વસંતપંચમી ક્યારે આવે છે ?**

જ.૨ વસંતપંચમી મહા માસમાં આવે છે.

**પ્ર.૩ ફાગણમાં કયો તહેવાર આવે છે ?**

જ.૩ ફાગણમાં હોળીનો તહેવાર આવે છે.

**પ્ર.૪ વેકેશન કયા માસમાં હોય છે ?**

જ.૪ વેકેશન વૈશાખ માસમાં હોય છે.

### લિખિત

**૧. કોઈ પણ ત્રણ ગુજરાતી મહિના તેમાં આવતા એક-એક તહેવાર સાથે લખો.**

**પ્ર.૧ વાદળ વધારે ક્યારે વરસે ?**

જ.૧ અષાઢ મહિનામાં વાદળ વધારે વરસે છે.

**પ્ર.૨ દિવાળી ક્યારે આવે છે ?**

જ.૨ દિવાળી આસો મહિનાની અમાસને દિવસે આવે છે.

**૨. નીચે દર્શાવાયેલમાંથી યોગ્ય ઉત્તર સામે (✓) ની નિશાની કરો.**

૧. પતંગનો તહેવાર કયા મહિનામાં આવે છે ? ☑ પોષ

૨. ભીડાનું શાક લોકો વધારે હોંશથી ક્યારે ખાય છે ? ☑ ભાદરવામાં

૩. હોળી કયા માસમાં આવે છે ? ☑ ફાગણ

## ભાષાજ્ઞાન

**૧. નીચેના શબ્દોને તેના પર્યાય દર્શાવતા શબ્દો સાથે લખો.**

| | |
|---|---|
| ૧. વરસાદ → | ૩. વર્ષા |
| ૨. ટાઢ → | ૪. ઠંડી |
| ૩. હોળી → | ૧. હોલિકા |
| ૪. માસ → | ૨. મહિનો |

**૨. નીચેના વાક્યોમાં યોગ્ય જગ્યાએ અલ્પવિરામ અને પૂર્ણવિરામ લગાવો.**

૧. ચૈત્ર, વૈશાખ અને જેઠ મહિનામાં ગરમીની ઋતુ હોય છે.

૨. દિવાળી અને નવરાત્રી આસો મહિનામાં આવે છે.

૩. કારતક, માગશર અને પોષ શિયાળો હોય છે.

૪. ફળ, ફૂલ અને શાકભાજી શિયાળામાં તાજા મળે છે.

**૩. નીચેના શબ્દોનું બહુવચન લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| મિઠાઈ | - | ···મિઠાઈઓ··· | નદી | - | ···નદીઓ··· |
| ફટાકડો | - | ··· ફટાકડા··· | વાદળ | - | ···વાદળો··· |
| છોકરી | - | ···છોકરીઓ··· | કાગળ | - | ···કાગળો··· |
| પુરૂષ | - | ···પુરૂષો··· | કલમ | - | ··કલમો·· |